# શહેરના વાતાવરણમાં નાટ્યાત્મક પલ્ટો

**લો પ્રેશર સિસ્ટમના લીધે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો : આકાશમાં અષાઢી નઝારો નિખર્યો : હળવા વરસાદી ઝાપટાથી ભીંજારો**





ગાંધીનગર તા ૨૦

અરબી સમુદ્રમાં લો પ્રેશર સક્રીય થવાના લીધે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદની સંભાવના હવામાન વિભાગે વ્યકત કરી છે. જયારે આ ડિપ્રેશનની અસર આજે ગાંધીનગરમાં પણ વર્તાઈ હતી. બપોરથી આકાશમાં કાળા ડીંબાગ વાદળો ગોરંભાયા હતા જયારે બપોરે અને સાંજે હળવા વરસાદી ઝાપટા પણ વરસ્યા હતા. નાટયાત્મક હવામાન પલ્ટાના અંતે ભર ભાદરવે આભમાં અષાઢી નઝારો નિખર્યો હતો.

ગાંધીનગરમાં છેલ્લા બે ત્રણ દિવસથી વાતાવરણમાં ઉઘાડ નિકળતા નગરજનોએ હાંશકારો અનુભવ્યો હતો. પરંતુ આજે સવારથી જ વાતાવરણમાં અચાનક જ પલ્ટો જોવા મળ્યો હતો. બે દિવસ પુર્વે વંટોળ સાથે વરસાદી છાંટણા વરસ્યા હતા. જયારે આજે બપોરે આવેલા નાટયાત્મક પલ્ટાના અંતે વરસાદી ઝાટટુ પણ વરસ્યુ હતુ. આકાશમાં કાળા ડીંબાંગ વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. જયારે વરસાદી વાયરા વચ્ચે છાંટણા પડયા હતા. દિવસ દરમિયાન આકાશી નઝારો બદલાયેલો રહ્યો હતો. જયારે સાંજના સમયે પણ આકાશમાં વાદળો ગોરંભાયેલા રહેતા વરસાદના છાંટણા વરસતા વાતાવરણમાં ભીંજારો પ્રવર્તયો હતો.અરબી સમુદ્રમમાં લો પ્રેશર સિસ્ટમ એકટીવ થતા આગામી ૭૨ કલાક સુધી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાંવ્યા મુજબ લો પ્રેશરના લીધે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં વરસાદનુ જોર વધુ રહેશે. જયારે મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં પણ વરસાદના હળવા ઝાપટા પડશે. જયારે લો પ્રેશર સક્રીય થતા આજે બપોરથી જ વાતાવરણ પલ્ટા વચ્ચે વરસાદના છાંટણા વરસ્યા હતા.તા ૨૨ સપ્ટેમ્બર સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદના સંજોગો છે. ત્યારે આ સિસ્ટમની અસર ગાંધીનગરમાં પણ વર્તાઈ રહી છે.

આજે દિવસ દરમિયાન ઘનઘોર વાદળોની હાજરીથી આકાશ ઘેરાયેલુ રહ્યુ હતુ. ભાદરવે અષાઢી માહોલ જોવા મળ્યો હતો. શહેર અને જિલ્લામાં આમ તો સિઝનનો પુરતો વરસાદ થઈ ગયો છે. ત્યારે પાછોતરો વરસાદ નુકશાનકારક પુરવાર ન થાય તેની ચિંતા પણ ખેડુતોને સતાવી રહી છે. મોડીસાંજ સુધી આકાશમાં વાદળોને ઘેરોવો યથાવત રહ્યો હતો.

## જિલ્લામાં વાહકજન્ય રોગચાળા માટે ૨૩મીથી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ થશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આગામી ૨૩મીથી વાહકજન્ય રોગચાળા માટે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવશે.

૧૩૦૦થી વધુ કર્મચારીઓ દ્વારા આખા જિલ્લામાં આ સર્વેલન્સની કામગીરી કરાશે. એક સપ્તાહ સુધી આ સર્વેલન્સની કામગીરી ચાલશે.

જિલ્લા મેલેરિયા અધિકારી ડૉ. ધર્મેશ પરીખના જણાવ્યાનુસાર આ સર્વેલન્સ માટેનું આયોજન કરી દેવામાં આવ્યુ છે. સર્વેલન્સ દરમ્યાન શંકાસ્પદ તાવના દર્દીઓના લોહીના નમુના પણ લેવામાં આવશે અને તેની ચકાસણી કરવામાં આવશે. જિલ્લાના જે વિસ્તારમાંથી સર્વેસલન્સ દરમ્યાન મચ્છરોના બ્રિડીંગ મળી આવશે ત્યાં તાબડતોબ એન્ટી લારવેલની કામગીરી હાથ ધરવામાં આવશે.

જિલ્લામાં મેલેરિયાના કેસોમાં આ વખતે ઘટાડો જોવા મળ્યો છે અને ડેન્ગ્યુના છુટાછવાયા કેસો મળી રહ્યા છે પરંતુ પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી છેલ્લા બે વર્ષથી અમલમાં આવી છે અને તે સફળતાપૂર્વક સંપન્ન પણ કરવામાં આવી છે જે નોંધનીય છે.

જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ માટે તંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારીઓ સંપન્ન થઈ ગઈ છે. ૨૧-૨૨-૨૩ના રોજ વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે ત્યારે ૨૩મીથી શરૂ થઈ રહેલા આ સર્વેલન્સને પગલે મચ્છરોની ઉત્પત્તિ થતી જ અટકાવવામાં તંત્ર સફળ રહેશે તેમ મનાઈ રહ્યુ છે. આ ઉપરાંત જે વિસ્તારોમાં પાણીનો ભરાવો થાય છે તેમાં એન્ટી લારવેલની કામગીરી પણ થશે.

## સે. ૨૫માં મનપા દ્વારા વધુ ત્રણ હોસ્ટેલોનું સિલીંગ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રહેણાંક વિસ્તારમાં ચાલી રહેલ ગેરકાયદે હોસ્ટેલ સામેની ઝુંબેશ આજે ચોથા દિવસે પણ ચાલુ રહેવા પામી છે. સે. ૨૫માં આ ઝુંબેશ ત્રીજા દિવસે પણ તંત્રએ કામગીરી કરી હતી.

સે. ૨૫માં આજે વધુ ત્રણ હોસ્ટેલના સિલીંગની કાર્યવાહી કરવામાં આવી છે. જ્યારે ૧૦ થી વધુ રહેઠાણ વિસ્તારના રોડ સાઈડની બહારના દબાણો દૂર કરવામાં આવ્યા છે.

તંત્ર દ્વારા જે રીતે કામગીરી કરવામાં આવી રહી છે તે હવે નગરજનોની ચર્ચાનો મુદ્દો બન્યો છે જો કે તંત્ર દ્વારા અધુરા મને કાર્યવાહી કરવામાં આવી રહી છે. જ્યારે અન્ય સેક્ટરોમાં નોટીસો પણ નથી અપાઈ તે બાબતે વિવાદ ઉભો થવા પામ્યો છે. તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૧૦ જેટલી હોસ્ટેલોનું સીલીંગ કરવામાં આવ્યુ છે. સેક્ટર-૨૫માં ગઈકાલે સર્વેલન્સ પછી પાંચ જેટલી હોસ્ટેલના સંચાલોકને નોટીસ અપાઈ હતી જે ઉલ્લેખનીય છે.

દરમ્યાન આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં પણ આ મુદ્દે ચર્ચાઓ થવાની સંભાવનાઓને લઈ મનપા અને કલેક્ટરરેટના અધિકારીઓ વચ્ચે બેઠક થઈ હોવાની વાતો પણ ચર્ચામાં આવી છે. શહેરના વિવિધ સેક્ટરોમાં ચાલતી આવી હોસ્ટેલોના મુદ્દે સરકારનું માર્ગદર્શન પણ માંગવામાં આવ્યુ છે અને સોમવાર સુધી પ્રતિક્ષા કર્યા બાદ તંત્ર આગળની કાર્યવાહી જોરશોરથી કરશે તેવી વાતોએ પણ લોકજીભે સ્થાન લીધુ છે. તંત્રની બેધારી નીતિને લઈ તંત્રની નિષ્પક્ષતા પર પણ હવે પ્રશ્નાર્થો ઉભા થયા છે. ખાસ કરીને નવા સેક્ટરોમાં કોઈ જ કાર્યવાહી થઈ નથી તેને લઈ લોકોમાં હજુ આશ્ચર્યની લાગણી જોવા મળી રહી છે.

## જિલ્લા આંકડા અધિકારી બદલાયા

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લા આંકડા અધિકારી એન. જી. પટેલની બદલીના હુકમો કરવામાં આવ્યા છે. તેઓને ગાંધીનગર જિલ્લા આયોજન અધિકારી તરીકે નિમણુંક આપવામાં આવી છે. પંચાયતમાં જિલ્લા આંકડા અધિકારી તરીકે એચ.કે. પ્રજાપતિની નિમણુંક કરવામાં આવી છે. પ્રજાપતિ હાલ તાપી-વ્યારા જિલ્લા પંચાયતમાં આંકડા અધિકારી તરીકે ફરજો બજાવે છે. પ્રજાપતિ સોમવારે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે તેમ જાણવા મળેલ છે. જીલ્લા આંકડા અધિકારી તરીકે શ્રી પટેલે યશસ્વી સેવાઓ કરી હતી અને જિલ્લા પંચાયતમાં ડેટા સેન્ટરને અદ્યતન બનાવ્યું હતું.

## સેકટરોમાં ગટરોની ફરિયાદોને ડામવા વધુ બે સુપર શકર મશીન કાર્યરત થશે

**હાલ એક મશીનથી ફરિયાદો હલ કરવાનુ કામ મુશ્કેલ : મશીન ભાડેથી રાખવા માટે પ્રક્રીયા હાથ ધરાઇ : વર્ષે ભાડા પેટે એક કરોડના ખર્ચનો અંદાજ**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર શહેરમાં ગટરોની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા સુપર સકર મશીન કામે લગાડાશે. પાણી ગટર વિભાગની ડ્રેનેજ ઈન્કવાયરી પાસે હાલ એક સુપર સકર મશીન છે. જયારે ચાર જેટીંગ મશીન પણ છે. પરંતુ જેટીંગ મશીનના આધારે ફરિયાદોનો નિકાલ કરવાનુ મુશ્કેલ બન્યુ છે. જયારે સુપર શકર મશીન એક જ હોવાથી ઝડપથી ફરિયાદોનો હલ થતો નથી. આવા સંજોગોમાં તંત્ર દ્વારા વધુ બે મશીન ભાડા પેટે મેળવવા માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જો કે આ મશીનને ભાડેથી કાર્યરત રાખવા પાછળ પણ સરકારે વર્ષે અંદાજિત એક કરોડનો ખર્ચ વેઠવો પડશે.

શહેરના સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો વધી છે. સેકટરોમાં ઘર આંગણે ગટરોના દુષિત પાણી ઉભરાતા હોવાની ફરિયાદોના લીધે સ્થાનિક રહીશો આગ બબુલા બન્યા છે. વરસાદી દિવસો દરમિયાન પાણીનો ઝડપથી નિકાલ થાય તે માટે પણ સ્થાનિકો દ્વાર કેટલાક કિસ્સામાં ગટરના ઢાંકણ ખુલ્લા મુકી દેવાતા ગટરમાં બિનજરૂરી કચરો જતા ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બની હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે કેટલાક ઠેકાણે ઢાંકણો પણ તુટી ગયા છે. આવા સંજોગોમાં તંત્ર પાસે હાલ શહેરના સેકટરોની વસતી અને વિકાસના નવા આયામોને ધ્યાને લેતા પુરતી મશીનરી અને મેન પાવરનો પણ અભાવ છે. ત્યારે હાલ ગાંધીનગરના સેકટરોની ગટર સફાઈ માટે અસરકારક ગણાંતા સુપર શકર મશીનની પણ અનિવાર્યતા છે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં વરસાદના હળવા ઝાપટા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આજે વરસાદના હળવા ઝાપટા નોંધાયા છે. કલોલ તાલુકામાં સાંજે ૮ વાગ્યા સુધીમાં અર્ધો ઈંચ વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર, માણસા અને દહેગામમાં વરસાદના હળવા ઝાપટા નોંધાયા છે. દહેગામમાં ૧ મી.મી. વરસાદ ૮ વાગ્યા સુધીમાં નોંધાયો છે જ્યારે ગાંધીનગર-માણસામાં છુટા છવાયા સ્થળોએ છાંટા પડી વરસાદ રહી ગયો હતો.

વરસાદના હળવા ઝાપટાઓ પછી ભેજનું પ્રમાણ વધી જવા પામ્યુ છે એટલુ જ નહિ ભારે ઉકળાટ પણ જોવા મળી રહ્યો છે.

## અખંડ ભારત બનાવવાના ઐતિહાસિક કદમ બદલ આજે નગરમાં એકતા રેલી

**મહાનગર ભાજપ દ્વારા એક રાષ્ટ્ર એક સંવિધાનના અભિગમને વેગ આપવા એકતા રેલી : સાંજે જળ બચાવો પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા માટે નાગરિકોને શપથ લેવડાવાશે**

ગાંધીનગર તા ૨૦

રાષ્ટ્રીય એકતા અભિયાન અંતર્ગત એક રાષ્ટ્ર એક સંવિધાન તથા ભારતમાતા એકતા રેલીનો કાર્યક્રમ યોજવામાં આવશે. મહાનગર ભાજપ દ્વારા આયોજિત આ કાર્યક્રમ અન્વયે આજે બપોરે ૨ : ૩૦ કલાકે સે-૧૭ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતેથી એકતા રેલી યોજાશે.

કાશ્મીર ધારા ૩૭૦ અને ૩૫ એ ના કારણે અલગાતાવાદ આંતકવાદ અને પરિવારવાદ તેમજ મોટાપાયે ફેલાયેલા ભ્રષ્ટાચારના દલદલમાં ડુબી ગયુ હતુ. છેલ્લા ૭૦ વર્ષથી જમ્મુ કશ્મીરનો વિકાસ રુધાઈ રહ્યો હતો. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જમ્મુ કશ્મીર અને લદાકના પુન : ગઠનને અનુલક્ષી ઐતિહાસિક વિધયક સંસદમાં પસાર કરાવી સંપુર્ણ ભારતને એકસુત્રતામાં લાવી અખંડ ભારત બનાવાનુ ઐતિહાસિક કદમ ઉઠાવ્યુ છે. ત્યારે રાષ્ટ્રીય કક્ષાએ ભારતીય જનતા પાર્ટી દ્વારા જનજાગૃતિ લાવવા સમગ્ર દેશમાં કાર્યક્રમો થઈ રહ્યા

● અનુસંધાન પાન-૭ પર


**પ્રથમ માસિક પુણ્યતિથિ**



**સ્વ. બિહોલા જયરાજસિંહ શૈલેન્દ્રસિંહ**

જન્મ તા. ૨૦-૧-૧૯૯૬ । નિર્વાણ તા. ૨૧-૮-૨૦૧૯

જન્મ અને મરણ ઈશ્વરને આધિન છે. પરન્તુ ઈશ્વર સામે પણ ફરિયાદ થઈ આવે એમ આપે વિદાય લઈ લીધી. આમ અચાનક અણધાર્યું અમને છોડીને આપનું ચાલ્યા જવું અત્યંત વસમું છે. દિલને લાખ દિલાસા આપીએ તો પણ દુ:ખનો જ જય થાય છે... અસંખ્ય મિત્રો-સ્નેહીજનોના દિલ પર રાજ કરનારા શ્રી જયરાજસિંહ આપનું સ્મરણ સદાય આમ જ અકબંધ રહેશે.

પરમ કૃપાળુ પરમાત્મા આપને પરમ સાનિધ્યમાં રાખે અને આપના આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થનાપૂર્વક અશ્રુભીની આંખે શ્રધ્ધાંજલી.

લી.

**ડો. કૌશિક શાહ** – પ્રમુખ, ગાંધીનગર શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિ
**નિશિત વ્યાસ** – મહામંત્રીશ્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
**ડો. સી. જે. ચાવડા** – ધારાસભ્યશ્રી, ગાંધીનગર ઉત્તર વિધાનસભા
**જયદિપ ઠાકોર** – મંત્રીશ્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
**તેજાભાઈ દેસાઈ** – ઝોન-૧ પ્રમુખ, શહેર કોંગ્રેસ સમિતિ
**રાજેન્દ્રસિંહ ચાવડા** – ઝોન-૨ પ્રમુખ, શહેર કોંગ્રેસ સમિતિ

કોર્પોરેટરશ્રીઓ, ગાંધીનગર મહાનગર પાલિકા

રોશનબેન પરમાર | ચીમનભાઈ વિંઝુડા | મીનાબેન વાઘેલા | જયરાજસિંહ વાઘેલા | હિરલબેન જોષી
લલિતાબેન ઠાકોર | જીતુભાઈ રાયકા | અંકિતભાઈ બારોટ | રાકેશભાઈ પટેલ | પાયલબેન મેણાત
હસમુખભાઈ મકવાણા | રમિલાબેન વાઘેલા | પિન્કીબેન પટેલ | ઉર્મિલાબેન વર્મા

**અશ્વિનસિંહ ટાપરિયા** સ્ટેટ કોર્ડીનેટર આઈ.ટી.સેલ । **ભાવેશભાઈ દેસાઈ** પ્રમુખ યુથ કોંગ્રેસ

શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિ ગાંધીનગર

**કરણસિંહ પરમાર** પ્રમુખ વોર્ડ નં. ૬ | **ઈશ્વરભાઈ દેસાઈ** ચેરમેન-ઓ.બી.સી.સેલ | **ઉર્પલભાઈ જોષી** ઉપપ્રમુખ | **મિતુલભાઈ જોષી** મહામંત્રી | **વિરેન્દ્રસિંહ વાઘેલા** મહામંત્રી
**સંજયભાઈ પટેલ** પ્રમુખ વોર્ડ નં. ૧ | **વિજયસિંહ વાઘેલા** ઉપપ્રમુખ | **વિજયભાઈ સોલંકી** મહામંત્રી | **રાકેશભાઈ જાની** મહામંત્રી | **અશ્વિનભાઈ સુહાન** મહામંત્રી



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૦૫૭૧



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225





## રાજ્યની તમામ આરટીઓ રવિવારે પણ ચાલુ રહેશે

ગાંધીનગર,તા.૨૦

મોટરવાહન અધિનિયમ (સુધારા)-૨૦૧૯ તથા અન્ય લગત નિયમોના કારણે જાહેર જનતામાં લાયસન્સ, આરસી બુક, પીયુસી, એચએસઆરપી નંબર પ્લેટ વિગેરે બાબતે ઘણી જાગૃતિ આવી છે. અરજીઓનો નિકાલ કરાવવા તથા સેવા મેળવવા નાગરિકોએ વધુ સમય આપવો પડે છે. તેથી નાગરિકોના હિતમાં વાહન વ્યવહાર મંત્રી આરસી ફળદુની સુચનાનુસાર રાજયની તમામ આરટીઓ/એઆરટીઓ કચેરીઓ રાબેતા મુજબ આગામી તા.૨૨ સપ્ટેમ્બર-૨૦૧૯ રવિવારના રોજ ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ દિવસે ડ્રાયવીંગ લાયસન્સ સંબંધીત લર્નીંગ લાયસન્સ, ડ્રાયવીંગ લાયસન્સ, લાયસન્સ રીન્યુઅલ રી-ટેસ્ટ અને હયાત લાયસન્સના વર્ગમાં ઉમેરો કરવાની સેવાઓ આપવામાં આવશે નહીં, જેની નાગરિકોને નોંધ લેવા વાહન વ્યવહાર કમિશનરની કચેરી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com